જૈન ગ્રંથમાળા પુસ્તક ૪ થું.

ૐ

દીવાળીની પત્રિકા.

પ્રકાશક,
શ્રી વીરવિદ્યોત્તેજક સભા.
પાલણપુર.

प्रत ૨૦૦૦.

સને ૧૯૨૨ સંવત ૧૯૭૮

શ્રી લક્ષ્મીવિજય પ્રીં. પ્રેસ (બ્રાન્ચ) રતનપોળ નગરશેઠની માર્કીટમાં દેસાઇ રાયચંદ છગનલાલે છાપી—અમદાવાદ.

શ્રી વીરવિદ્યોત્તેજક સભા.

પાલણપુર.

દારૂખાનું.

આપણે ઘણી મહેનત, અગવડ અને પાપ વેઠી પૈસા પેદા કરીએ છીએ છતાં તેવા પૈસાનું દારૂખાનું લઈ દીવાળીમાં તેમાં લાય મુકીએ, દારૂખાનામાં ફક્ત માની લીધેલી ખોટી ખુશાલી માટે પશુ–પક્ષીઓને ત્રાસ આપીએ અને જમીન ઉપરના નાનામોટા જીવોને વિના કારણે નાશ કરવામાં કારણભૂત થઈએ તે કોઇ રીતે વ્યાજબી નથી. દારૂખાનાથી કેટલીક વખતે આગ લાગી મોટાં નુકસાન થાય છે. બાળકો અને વખતે મોટા માણસો દાઝે છે અને મરી પણ જાય છે. દારૂખાના નીમીતે

લાખો કરોડો રૂપીઆ નકામા પરદેશ ઘસડાઇ જઇ દેશમાં ગરીબી વધે છે. આવી દરેક રીતે દારૂખાનું ફોડવાથી નુકસાન જાણવા છતાં તે રીવાજ હજુ આપણે ચાલુ રાખીએ છીએ તે અવનતિનું એક કારણ છે. દારૂખાનું ફોડનાર ઘણુાખરા નાના બાળકો હોય છે તેમને આ સમજ ન હોવાથી તેમનો આમાં દોષ નથી પણ આપણે તેમના માબાપો અથવા વડીલો તેમની મારફત તે રીવાજને ઉત્તેજન આપીએ છીએ તો હવે જાગ્યા ત્યાંથી સવાર ગણી દીવાળીમાં કોઇ પણ હીંદવાસી ભાઇ બહેન દારૂખાનું ફોડે નહિ, ફોડાવે નહિ, ફોડવા માટે લાવે નહિ તેમ લાવવા પૈસા આપે નહિ તેવો દરેકને નિશ્ચય કરી લેવા મારી નમ્ર વિનંતી છે. દારૂખાનું બંધ કરાવવામાં તે વેચનાર વેપારીઓ ધારે તો આપણને ઘણી મદદ કરી શકે કારણ તેઓને બીજા ઘણા વેપાર હોય છે તો આવો દેશને ખરાબ કરનાર ધંધો તેઓ ન કરે તો તેમનો થોડા લાભ

જશે. જ્યારે દેશને મોટો ફાયદો થશે માટે જે વેપારીઓ દારૂખાનું મંગાવતા હોય તેઓ બંધ કરશે તેવી વિનંતી છે. જે કોઇ ભાઇ બહેન દારૂખાનું ન છોડે, ન છોડાવે, ન ખરીદે, ન ખરીદાવે, ન આપે, ન લે, અને ન વેચે, ન વેચાવે તેમનું અને તેમના વાલીવારસોનું પરમ કલ્યાણ થશે.

ચાંબડાનાં પુંઠાં.

ચોપડા–ચોપડીઓને ચાંબડાનાં અપવિત્ર ચાંબડાનાં પુઠાં ચડાવાથી સારદા (સરસ્વતી–જ્ઞાન) ના અવગણના થાય છે તેમજ ચાંબડાના જરૂરત વધારે રહે ને આવક ઓછી હોય તેવે પ્રસંગે તે નીમીત્તે વખતે જીવહીંસા થવા સંભવ રહે છે અને તેના બદલે કપડાનાં પુઠાંથી કામ સારી રીતે ચાલે છે તો હવેથી ચાંબડાને બદલે કપડાનાં પુઠાં વાપરવા વિનંતી છે.

કંકુત્રિઓ.

આજ સુધી જેવી રીતે જૈન ભાઇઓ પર્યુષણ નીમીત્તની કંકુત્રીઓ માટે લાખો રૂપીઆ નકામા ખર્ચતા હતા તેની ચર્ચા થવાથી હવે તે ઘણું ઓછું થઇ ગયું છે તો જે જૈન તથા જૈનેતર ભાઇઓ દીવાળી નીમીતે લક્ષ્મીપૂજન અને સારદાપૂજનની કંકુત્રિઓ લખતા હોય તે બંધ કરવા વિનંતી છે.

ચાંબડાનાં પુઠાં અને કંકુત્રિઓના વેપારીઓ ઉપર દારૂખાનામાં લખ્યું છે તેમ ધારે તો આમાં પણ ઘણી મદદ કરી શકે માટે તેઓને તેમ કરવા વિનંતી છે.

સારદાપુજન વિધિ.

સારદાપૂજન હાલમાં ઘણે ભાગે હીંદુ ધર્મના વિધિ પ્રમાણે થાય છે. હીંદુઓ ભલે તે પ્રમાણે કરે પણ જૈન ભાઇઓને પોતાના ધર્મના વિધિ પ્રમાણે

કરવા વિનંતી છે. જૈન સારદાપૂજન વિધિ કેટલાક વખતથી છપાઇને બહાર પડી છે તે આ સભામાંથી વેચાતી મળી શકશે.

સારદાપુજનનું નાણું.

સારદા (સરસ્વતી—જ્ઞાન) ના પૂજન ઉપર કેટલાકો ચોખંડા અથવા બીજા નહી ચાલતા સીક્કા મુકી તે પાછા લઇ લેછે પણ ખરી રીતે વિચાર કરતાં તેવી કૃપણુતા રાખી પૂજન થએલ વસ્તુથી ફરી પૂજન કરવું તે વ્યાજબી નથી. ભલે પોતાની શક્તિ ઓછી હોય તો થોડું ચડાવીએ પણ ચડેલું ચડાવવું નહિ માટે હવેથી સારદાપૂજનમાં શુદ્ધ નાણું ચડાવવા અને તે ચડેલું પુસ્તકો મંગાવવા વિગેરે જ્ઞાન નીમીતેજ વાપરવા વિનંતી છે અને તેવા પૈસા ને ખાસ કરીને આ સભામાં મોકલવામાં

આવશે તો તેનાં પુસ્તકો મંગાવવાથી તેને મદદ રૂપ થઈ પડશે માટે મોકલી આપવા વિનંતી છે.

ધર્મ જ્ઞાન પ્રાપ્ત.

ખાસ કરીને સ્કુલ અથવા કોલેજમાં અભ્યાસ કરેલ અથવા અભ્યાસ કરતા અથવા બીજા પણ જે યુવક ભાઇ બ્હેનોને બચપણથી પોતાના ધર્મના સંસ્કાર મળ્યા નથી હોતા તેઓ અન્ય ધર્મનું જ્ઞાન મેળવવા જતાં પોતાનું ઘર તપાસ્યા વિના બીજાં ઘર તપાસવા જનારના માફક બંનેથી ચુકે છે માટે તેવાં ભાઇ બહેનોએ પ્રથમ પોતાના ધર્મનું સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી જેટલી સમજ અને શક્તિ મળે તે પ્રમાણમાં પોતાના ધર્મના મુકાબલે અન્ય ધર્મનું અવલોકન કરવું ફાયદામંદ છે. દરેક ધર્મના જ્ઞાન સંબંધી ઘણાં પુસ્તકો છપાએલાં હોય છે પણ તે

બધાં વાંચવાનું તેવાં ભાઇ બહેનોથી બનવા સંભવ નથી તો જેથી પોતાના ધર્મ સંબંધી સારી માહેતી મળે તેવાં કેટલાંક ખાસ પુસ્તકો વાંચી પોતાના ગુરૂઓ અથવા અનુભવીઓદ્વાર તેવું જ્ઞાન પ્રાપ્ત કરવું વધારે સરળ થઈ પડશે માટે તેમ કરવા વિનંતી છે.

ખાસ કરીને જૈન યુવક ભાઇ બહેનોને જૈન ધર્મનું સારૂં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે નીચેનાં પુસ્તકો ખાસ ઉપયોગી થઇ પડશે અને તે તથા તેવાં બીજાં પુસ્તકો વાંચવાની સગવડ અતરેની બીજી સંસ્થાઓ કરતાં ખાસ કરીને તેવા ઉદ્દેશ વાળી આ સભામાં વધારે મળશે માટે તેવી ઇચ્છા વાળાં ભાઇ બહેનોને સદરે સભામાં મેમ્બર થઇ તેવાં પુસ્તકો વાંચવાનો લાભ લેવા ખાસ વિનંતી છે આ સભાના સભાસદોના વર્ગ નીચે મુજબ છે.

લાઇફ મેમ્બર (જીંદગી સુધીના) લવાજમ

એકી વખતે રૂ. ૨૫) અથવા વર્ષ પાંચ સુધી દર વર્ષે રૂ. ૫) લેખે. ૧ લો વર્ગ વાર્ષિક રૂ. ૧) અને ૨ જો વર્ગ રૂ. ૦॥ અગાઉથી—

જૈનેતર બંધુઓ પણ આ સભાના મેમ્બર થઇ શકશે પણ તેમણે ફક્ત લવાજમ ઉપરાંત રૂ. ૫) દાખલ થતી વખતે ડીપોઝીટ [અનામત] રાખવા પડશે. જે મેમ્બરમાંથી નીકળતી વખતે પાછા આપવામાં આવશે પણ તે વખતે તેમની પાસે કંઇ લેણું હશે તો તે તેમાંથી કાપી લેવામાં આવશે

આ સભાના મેમ્બર સિવાયના કોઇ પણ ભાઈ બહેનને કંઈ પણ પુસ્તક થોડા વખત માટે જોવા તપાસવા જરૂર હોય તો વગર લવાજમે ઘેર આપવામાં આવે છે અને સભા ઉઘાડી હોય તે વખતે તો દરેક પુસ્તક વગર લવાજમે વાંચવાની છુટ છે

જૈન ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવા ખાસ વાંચવાનાં પુસ્તકોની યાદી.

૧ નીતિવાક્યામૃત
૨ નીતિમય જીવન
૩ ગૃહસ્થ ધર્મ
૪ મલયા સુંદરી
૫ રાજકુમારી સુદર્શના

(૧ થી ૫) કેસરવિજયજીનાં બનાવેલાં.

૬ ત્રિશષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ થી ૧૦

૭ ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર

૮ શ્રાદ્ધવિધિ

૯ શ્રાદ્ધ ગુણ વિવરણ

૧૦ હિત શિક્ષાનો રાસ

૧૧ વિવેક વિલાસ

૧૨ સામુદ્રિક શાસ્ત્ર

૧૩ શ્રીપાળ રાજાનો રાસ

૧૪ કલ્પસૂત્ર સુખબોધિ ટીકાનું ભાષાંતર

૧૫ સૂરિશ્વર અને સમ્રાટ્ અકબર
૧૬ બાર પર્વોની કથા (પર્યુષણાદિ)
૧૭ મહીલામહોદય
૧૮ જૈન સતી મંડળ અથવા સતી મંડળ
૧૯ આત્મોન્નતિ
૨૦ પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી
૨૧ અઢાર દુષણ નિવારક
૨૨ જૈનધર્મ વિષયીક પ્રશ્નોત્તર
૨૩ જ્ઞાનબાજી
૨૪ નારકીના ચિત્રની મોટી બુક
૨૫ બ્રહ્મચર્ય વ્રત
૨૬ અર્હન્નીતિ
૨૭ જગત કૃતૃત્વ મીમાંસા
૨૮ સઝાયમાળા
૨૯ પંચ પ્રતિક્રમણ મહેસાણાવાળું
૩૦ પંચ પ્રતિક્રમણ ઉમેચંદ રાયચંદનું

૩૧ સમ્યકત્વ મુળ બારવ્રતની મોટી ટીપ

૩૨ જીવ વિચાર
૩૩ નવ તત્વ
૩૪ દંડક
૩૫ મોટી સંઘયણી

} વિસ્તાર અર્થ તથા વિવેચન સહિત.

૩૬ કર્મગ્રંથ

૩૭ દેવવંદનમાળા

૩૮ પુજા સંગ્રહ

૩૯ દશ વૈકાલિક ભાષાંતર

૪૦ આચારાંગ ભાષાંતર

૪૧ જૈન તત્વાદર્શ

૪૨ તત્વનિર્ણય પ્રાસાદ

૪૩ ઉપમિતિ ભવપ્રપંચ (મોતીચંદ ગીરધરનું)

૪૪ ધર્મબિંદુ

૪૫ રત્નાકર પચ્ચીસી

૪૬ યોગશાસ્ત્ર

૪૭ સમ્યક્ત્વ } કેસરવિજયજીનાં બનાવેલાં.
૪૮ ધ્યાનદીપિકા

૪૯ કર્મ ફીલોસોફી } ઇંગ્રેજી.
૫૦ યોગ ફીલોસોફી
૫૧ શિવાશક દશાઓ

૫૨ સંબોધી સત્તાર

૫૩ અભક્ષ્ય અનંતકાય વિચાર

૫૪ ચીકાગો પ્રશ્નોત્તર ઇંગ્રેજી.

૫૫ અધ્યાત્મ કલ્પદ્રુમ (મોતીચંદ ગીરધરનું)

૫૬ ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૧ થી ૫

૫૭ શ્રાવિકા ભૂષણ ભાગ ૧ થી ૪

૫૮ પ્રકરણ રત્નાકર ભાગ ૧ થી ૪

૫૯ વર્ધમાન દેશના ભાષાંતર

૬૦ દાનવીર રત્નપાળ

૬૧ પોસહ વિધિ

સેક્રેટરી,
વહાલુ ટોકરસી મહેતા.

